વી. એસ. ગણેશવાલા
કાર્યપાલક ઈજનેર

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**

નં. સા.ઈ.ઝોન.ટિક./ ૨૮૯
તા. ૨૪/૦૪ /૨૦૨૫

## –:સંમતિ પત્રક:–

પ્રતિ,

..............................

..............................

..............................

..............................

**વિષય** :– સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં રોડ ડિવાઈડર મા રોજીંદા ઈજારદારના ટેન્કરો ધ્વારા સુરત મહાનગરપાલિકાના ડીંડોલી એસ.ટી.પી ના ટર્શરી ટ્રીટેડ પ્લાનમાંથી પાણી આપવાનુ કામ.

**અનું.** :– ૧) મે.કમિશ્નરશ્રીની તા.૨૬/૦૨/૨૦૨૪ ની મંજુરી થી મંજુર થયેલ ભાવ.
૨) મા.ડે.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી તા.૨૧/૦૪/૨૦૨૫

મહાશય,

સુરત મહાનગરપાલિકા સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં ૪૫૦૦૦ રનીંગ મીટર રોડ ડિવાઈડર ના હયાત છોડ/ વૃક્ષો તથા રોડના ફુટપાથ પર આવેલ વૃક્ષો તેમજ ચેનલાઈઝર/ પ્લાન્ટરના હયાત છોડને ઉનાળા સમયે નિયમીત રીતે પાણી આપવાનુ થતુ હોય જેથી સંદર્ભ હેઠળની મજુંરીથી મંજુર થયેલ ભાવ ૩,૦૦૦ લીટર ટેન્કરના રૂા. ૬૪૧/– (પ્રતિ ફેરા) તથા ૧૦,૦૦૦ લીટર ટેન્કરના રૂા. ૯૯૮/– (પ્રતિ ફેરા) મુજબ કુલ રકમ રૂા.૩,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં ટેન્ડરની શરતો અને સ્પેશીફીકેશનને આધિન ૩ (ત્રણ) માસ માટે કામ કરવા સંમત હોય, તો આપશ્રીની લેખિત સંમતિ બંધ કવરમાં આ સાથે પુષ્ઠ ભાગે દર્શાવેલ શરતો મુજબ તા. ૩૦/૦૪/૨૫.. સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહિ. રૂા. ૬૦૦૦ /– પેટે બાનાની રકમ ભરવાની રહેશે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
સુરત મહાનગર પાલિકા

વાટીકા ટાઉનશીપની સામે, ડુંભાલ, સુરત. ટેલીફોન નં. ૨૩૩૧૯૦૩/૦૪
E-mail - exe.sezl@suratmunicipal.org
Mo.No.9925012678

વી. એસ. ગણેશવાલા
કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)

## શરતો

૧. કામની મંજુરી મળ્યેથી મંજુર સંમતિની રકમના ૨.૦ % પ્રમાણેની સીકયોરીટી ડિપોઝીટ રૂા.૬૦૦૦ /- (છ હજાર) રોકડા થી અનામત જમા કરાવવાના રહેશે.

૨. કામની મંજુરી મળ્યેથી કરાર નામા માટે રૂા. ૩૦૦/- + ૩૦૦ /- ) ની કિંમત ના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજુ કરી – કરારનામા કરાવવાના રહેશે.

૩. ટેન્ડર/ સંમતિપત્રક સાથે સોલવન્સી સર્ટીફીકેટ તથા કરેલા કામો ના અનુભવની યાદી રજુ કરવાના રહેશે.

૪. જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિતનકલ) રજુ કરી સાથે થયેલ કરાર બતાવી જવા તજવીજ કરાવવાના રહેશે.

૫. આ કામ માટે ટેન્ડરમાં નિયત કરેલ શીડયુલ કામની અચુક પ્રગતિ જવાય રહે તે માટે અત્રેથી ખાસ તકેદારી રાખવામાં આવશે. જેથી તે મુજબની કામની અચુક પ્રગતિ રાખવા નોંધ રાખવાની રહેશે.

૬. આ કામ પુરુ કરવાની સમયમર્યાદા સદર વર્કઓર્ડર આપ્યાની તારીખથી દિન ૧૦ (દસ) પુરા થયેથી ૩ માસ પૂર્ણ થાય ત્યાં સુધીની ગણવાની રહેશે.

૭. એમ્પ્લોઈ પ્રો.ફંડ નંબર રજુ કરવાનું રહેશે. તેમજ કામદારોની યાદી રજુ કરવાની રહેશે. વખતોવખત કામદારોનાં પી.એફ. નાં નાણાં ઈ.પી.એફ. માં જમા કરવાનાં રહેશે.

૮. સુરત મહાનગરપાલિકાના માં આવેલ ટર્શરી ટ્રીટેડ પ્લાન્ટમાંથી ઈજારદારના ટેન્કરોમાં પાણી ભરીને ફરજ પરના અધિકારી જે સુચના આપે તે સ્થળે પાણી પહોંચાડી અને ટેન્કરના કોક દ્વારા રોડ ડિવાઈડરના પાણી આપવાનુ રહેશે.

૯. ઈજારદારનું ટેન્કર લીકપ્રુફ વોટર ટાઈટ રાખવાનું રહેશે.

૧૦. ભરેલ ટેન્કર હવાચુસ્ત ઢાંકણથી બંધ કરવાનું રહેશે કે જેથી વહન દરમ્યાન ટેન્કરમાંથી પાણી ઢાંકણ વાટે ઉભરાય/છલકાય નહી.

૧૧. પાણી ભરેલા ટેન્કરો ટ્રાફીકને કે રાહદારીને અવરોધરૂપ કે નડતરરૂપ ન થાય તે પ્રમાણે સાવચેતી રાખી વહન કરવાનાં રહેશે. સલામતી ની સર્પૂણ જવાબદારી ઈજાદારની રહેશે.

૧૨. જો ઈજારદાર તરફથી ટેન્કરો સાથે કોકનું ફીટીંગ ન કરવામાં આવ્યા હોવાનું ધ્યાન ઉપર આવશે અને તેને કારણે પાણીનો બગાડ થતો હોવાનું જણાય તેવા ટેન્કરો એન્જીનીયર ઈ.ચા. મારફત હુકમ કર્યેથી બંધ કરવાના રહેશે અને તેવા કરેલા કામનું મહેનતાણું રદ કરવામાં આવશે.

૧૩. ટેન્કરની સાથે ડ્રાઈવર, કલીનર અને પાણી આપવા માટે એક માણસ રાખવાનો રહેશે.

કાર્યપાલક ઈજનેર
સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)
સુરત મહાનગર પાલિકા

વાટીકા ટાઉનશીપની સામે, ડુંભાલ, સુરત. ટેલીફોન નં. ૨૩૩૧૯૦૩/૯૦૪
E-mail - exen.sez@suratmunicipal.org
Mo.No.9925012678